# બીલીમોરા નગરપાલિકામાં રોડમાં ભ્રષ્ટાચાર, એક ઈજનેર સસ્પેન્ડ

**દર્શન** નાયકની રજૂઆત બાદ પ્રાદેશિક કમિશનર દ્વારા પગલું, વધુ તપાસ અને કડક કાર્યવાહીના સંકેત

### કમિશનરના બે નિર્ણયોથી સવાલ યથાવત

કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે અગાઉ કમિશનર ઓફ મ્યુનિસિપાલિટી, સુરત દ્વારા કોઈ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી નહોતી અને સંકળાયેલા એન્જિનિયરોને ક્લીન ચીટ આપવામાં આવી હતી. હાલની કાર્યવાહી બાદ પણ કોંગ્રેસે માંગ કરી છે કે આદેશોની અમલવારીમાં બેદરકારી દાખવનાર અધિકારીઓ સામે પણ કડક પગલાં લેવાં જોઈએ.

સુરતઃ બીલીમોરા નગરપાલિકામાં રોડ-રસ્તાના કામમાં થયેલા ભ્રષ્ટાચારના મામલે લાંબા સમયથી કાર્યવાહી ન થતાં ઉઠેલા પ્રશ્નો વચ્ચે હવે મહત્વપૂર્ણ વળાંક આવ્યો છે. કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલી રજૂઆત બાદ સંબંધિત તંત્ર હરકતમાં આવ્યું છે અને પ્રાથમિક પગલાં તરીકે નગરપાલિકાના સંકળાયેલા ઇજનેરને ફરજમુક્ત કરવામાં આવ્યા છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયકે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને લખેલા પત્રમાં આ મામલે તાત્કાલિક તપાસ અને જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. આ રજૂઆતને પગલે પ્રાદેશિક કમિશનરે મામલો ગંભીરતાથી લઈને સંકળાયેલા ઇજનેર સામે કાર્યવાહી કરી તેમને ફરજમુક્ત કર્યા છે. ઉલ્લેખનીય છે કે ચોમાસા દરમિયાન રાજ્યભરમાં રોડ-રસ્તાની ખરાબ હાલત અને ગુણવત્તાને લઈને ઉઠેલા પ્રશ્નોને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા હાઈ-લેવલ કમિટીની રચના કરવામાં આવી હતી. કમિટીએ વિવિધ નગરપાલિકાઓમાં સ્થળ પર સેમ્પલિંગ કરીને રિપોર્ટ તૈયાર કર્યો હતો, જેમાં બીલીમોરા નગરપાલિકામાં રોડકામમાં વ્યાપક ગેરરીતિઓ અને ભ્રષ્ટાચાર સામે આવ્યા હતા. આ રિપોર્ટના આધારે સંબંધિત વિભાગે સંકળાયેલા એન્જિનિયરો અને અધિકારીઓ સામે ખાતાકીય કાર્યવાહી કરવા માટે સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. છતાં પણ લાંબા સમય સુધી કોઈ અસરકારક પગલાં ન લેવાતા કોંગ્રેસે સરકાર સામે ગંભીર આક્ષેપ કર્યા હતા. હવે પ્રાદેશિક કમિશનર દ્વારા ઇજનેરને સસ્પેન્ડ કરવાના પગલાંને પ્રાથમિક કાર્યવાહી તરીકે જોવામાં આવી રહી છે. કોંગ્રેસે જણાવ્યું છે કે આ માત્ર શરૂઆત છે અને સમગ્ર મામલે સ્વતંત્ર તપાસ કરીને જવાબદાર તમામ અધિકારીઓ અને પદાધિકારીઓ સામે કડક કાયદાકીય કાર્યવાહી થવી જોઈએ.

# દહાણુ તાલુકામાં ચોરી કરીને ભાગેલા ત્રણને સુરત પોલીસે પકડી લીધા

**પકડાયેલા** ચોર મધ્યપ્રદેશના હતા, તેમની પાસેથી 12.52 લાખના સોના-ચાંદીનાં આભૂષણો કબજે કરાયાં

### પકડાયેલા આરોપીઓ

(૧) રાજેશ મદનલાલ માલવી (ઉ.વ.૨૯, મજૂરીકામ, રહે. ગામ ચડોલી, તા. નીમચ, જિ. નીમચ, મધ્યપ્રદેશ) (૨) દિલખુશ ઉર્ફે દિલ્લુ પપ્પુ બાંછડા (કર્માવત) (ઉ.વ.૨૩, મજૂરીકામ, રહે. મકાન નં.૨૩૨, વોર્ડ નં.૦૩, પિપલ્યા રૂંડી રાવજી, થાના મનાસા, તા. મનાસા, જિ. નીમચ, મધ્યપ્રદેશ) (૩) ં કિત મુકેશભાઈ ગોદાવન (ઉ.વ.૨૫, મજૂરીકામ, રહે. ગામ સડોલી, તા. નીમચ, જિ. નીમચ, મધ્યપ્રદેશ)

### કબજે કરેલો મુદ્દામાલ

પોલીસે કાર્યવાહી દરમ્યાન વિવિધ પ્રકારના સોનાના દાગીનાં જેમ કે ચેઈન, મંગળસુત્ર, બુટ્ટી, પેન્ડલ સહિત કુલ ૭૮.૫૭ ગ્રામ વજનના સોનાના આભૂષણો કિ.રૂ. ૧૦,૯૫,૮૮૨/- ના કબ્જે કર્યા હતા, જ્યારે ચાંદીના પાયલ, પગવલી, કડલું, મંગળસુત્ર તથા કમરના આભૂષણો સહિત કુલ ૧૦૫૨.૪૯ ગ્રામ વજનના ચાંદીના દાગીનાં કિ.રૂ. ૧,૩૬,૮૮૩/- ના જપ્ત કરવામાં આવ્યા હતા.

સુરત : સારોલી પોલીસે સતર્ક કામગીરી કરતા મહારાષ્ટ્ર રાજ્યના પાલઘર જિલ્લાના દહાણું તાલુકામાં થયેલી ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી ત્રણને સોના-ચાંદીના દાગીનાં સાથે ઝડપી પાડ્યા છે.

સારોલી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એસ.આર. વેકરિયાએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રના દહાણુમાં થયેલી ચોરીના આરોપી ઘરેણા સાથે સુરત તરફ આવી રહ્યાં હોવાની બાતમી મળી હતી. જેના આધારે ચેકપોસ્ટ પર વોચ ગોઠવી બાતમી મુજબના પહેરવેશ પ્રમાણે દેખાયેલા ત્રણ શકમંદને અટકાવીને તેમની ઝડતી લેવામાં આવી હતી. તેમની પાસેથી તેમની પાસેથી કુલ 78.57 ગ્રામ સોનાના દાગીનાં (કિંમત રૂપિયા 10.95 લાખથી વધુ) તથા 1052.49 ગ્રામ ચાંદીના દાગીનાં (કિંમત રૂપિયા 1.36 લાખથી વધુ) મળી આવ્યા હતા.

જે અંગે તેઓ સંતોષકારક જવાબ નહીં આપી શકતા તેમની અટક કરવામાં આવી હતી. અટકાયતમાં લેવાયેલા શખ્સોના નામ દિલખુશ ઉર્ફે દિલ્લુ બાંછડા, અંકિત ગોદાવત અને રાજેશ માલવી છે. પોલીસ પૂછપરછમાં તેમણે કબૂલાત કરી હતી કે પાલઘર જિલ્લાના દહાણું તાલુકાના કાસા પોલીસ સ્ટેશનની હદમાં તેમણે બે ઘરફોડ ચોરીને અંજામ આપ્યો છે.

**DGVCLનું મેગા ડીસકનેક્શન અભિયાન તેજ**

# DGVCL દ્વારા 4 દિવસમાં 188 કરોડની વસૂલાત કરાઈ

**6.72** લાખ ગ્રાહકો પર બાકી રૂ. 499 કરોડનો ભાર, વસૂલાત માટે અભિયાન

સુરતઃ દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ. દ્વારા બાકી વીજ બિલ વસુલાત માટે હાથ ધરાયેલું 'મેગા ડિસકનેકશન ડ્રાઈવ' અંતર્ગત ચાર દિવસમાં 188 કરોડ વસુલાત કરવામાં આવી છે.

કંપની દ્વારા તા. 12 માર્ચના રોજ વિજ કંપનીએ જુદા જુદા માધ્યમોથી બાકી બિલદારોને ચેતવણી આપી હતી કે, જેમના બિલ બાકી હોય તેઓ બિલ નહીં ભરે તો 17 અને 18 માર્ચે બાકી બિલ ધરાવતા ગ્રાહકોના વીજ જોડાણો કાપવામાં આવશે. જાહેરાત સમયે DGVCLના કુલ અંદાજે 6.72 લાખ ગ્રાહકો પાસેથી રૂ. 499.05 કરોડ જેટલી બાકી રકમ વસુલવાની હતી. આ આંકડો કંપની માટે મોટી ચિંતાનો વિષય બન્યો હતો. કંપનીના સઘન પ્રચાર અને ચેતવણી બાદ ગ્રાહકોમાં જાગૃતિ આવી છે. જેના પરિણામે તા. 16 માર્ચ, 2026ની સાંજ સુધીમાં જ આશરે રૂ. 152.71 કરોડની વસુલાત થઈ ગઈ હતી.

### 17 માર્ચે 1,947 ટીમ મેદાનમાં

તા. 17 માર્ચે વહેલી સવારથી જ DGVCL દ્વારા લગભગ 1,947 ટીમોને મેદાનમાં ઉતારવામાં આવી હતી. ટીમોએ ઝડપી કામગીરી હાથ ધરી બાકી રકમ વસુલાત અને વીજ જોડાણ કાપવાની કાર્યવાહી શરૂ કરી. આ દિવસે અંદાજે 61,000 જેટલા ગ્રાહકો દ્વારા રૂ. 35.50 કરોડ જેટલી રકમ ભરપાઈ કરવામાં આવી હતી. સાથે જ, બાકી બિલ નહીં ભરનાર અનેક ગ્રાહકોના વીજ જોડાણો કાપવામાં આવ્યા હતા.

# ગુજરાતમાં વરસાદી તોફાનનું 'યલો એલર્ટ'

**આજથી** વરસાદી સિસ્ટમ સક્રિય થશે, 40-50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાવાની શક્યતા

અમદાવાદ : હવામાન વિભાગે આગામી તા.18થી 20મી માર્ચ દરમ્યાન વરસાદ અને તોફાની પવન અને ગાજવીજ સાથે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ મહુવામાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન 17 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જે રાજ્યમાં ઠંડીનું કેન્દ્ર બન્યું છે.

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી 3 દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા છે.18 માર્ચથી 19 માર્ચ સવારે 8:30 વાગ્યા સુધી ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ અને સાબરકાંઠા તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના જામનગર, મોરબી, દ્વારકા અને કચ્છ જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદ સાથે ગાજવીજ અને 40-50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે.

19 માર્ચથી 20 માર્ચ સુધી ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, દાહોદ, પંચમહાલ દક્ષિણ ગુજરાતના ભરુચ, સુરત, નવસારી, વલસાડ સહિતના વિસ્તારો,સૌરાષ્ટ્ર-કચ્છમાં રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, ભાવનગર, કચ્છ સહિતના જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. આ વિસ્તારોમાં ગાજવીજ, 40થી 50 કિમીની ઝડપે - પ્રતિ કલાકના પવન અને હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. 20 માર્ચથી 21 માર્ચ દરમિયાન ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, મહીસાગર અને કચ્છમાં હળવો વરસાદ કે ઝાપટાં પડી શકે છે.

# કામરેજના ગાયપગલા અને કરજણ ગામમાં બેફામ ગેરકાયદે રેતીખનન

**રેતી** માફિયાઓ સાથે કર્મચારીની સંડોવણીની ચર્ચા વચ્ચે પર્યાવરણને ભારે નુકસાન



સુરતઃ કામરેજ તાલુકાના ગાયપગલા અને કરજણ ગામના વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી ગેરકાયદે રેતીખનન બેફામ રીતે ચાલી રહ્યું હોવાની ચર્ચા ઉઠી છે. નદીના વહેણમાંથી નિયમોનું ઉલ્લંઘન કરીને મોટા પાયે રેતી કાઢવામાં આવી રહી છે, જેના કારણે પર્યાવરણ અને નદીના કુદરતી વહેણ પર ગંભીર અસર થવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ રાત્રિના સમયે ટ્રેક્ટર અને ડમ્પરો દ્વારા રેતી ખનન કરવામાં આવે છે. આ ગેરકાયદે કામગીરી માટે ગાડી દીઠ અંદાજે રૂ.500 જેટલી વસૂલાત કરવામાં આવતી હોવાની ચર્ચા પણ વિસ્તારમાં થઈ રહી છે. વધુ ચોંકાવનારી બાબત એ છે કે ભૂસ્તર વિભાગના એક કર્મચારી જ આ ગેરકાયદે રેતીખનનમાં સીધી ભાગીદારી ધરાવતા હોવાની ચર્ચા પણ સ્થાનિકોમાં ચાલી રહી છે. જો આ આરોપો સાચા સાબિત થાય તો તે સરકારી તંત્ર માટે ગંભીર પ્રશ્નો ઉભા કરે તેવી શક્યતા છે.

ગેરકાયદે રેતી ખનનને કારણે નદીના કુદરતી વહેણમાં ફેરફાર થવાની સાથે સાથે પર્યાવરણને નુકસાન પહોંચવાની પણ ભીતિ છે. નદીના કિનારા કમજોર બનતા પૂરની પરિસ્થિતિમાં જોખમ વધી શકે છે, તેમ પર્યાવરણપ્રેમીઓ પણ ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. હાલમાં સ્થાનિકોમાં પ્રશ્ન ઉઠી રહ્યો છે કે જો વાસ્તવમાં ગેરકાયદે રેતીખનન ચાલી રહ્યું હોય તો જવાબદાર તંત્રે સમયસર પગલાં કેમ નથી લીધાં. હવે તપાસ બાદ સત્ય બહાર આવશે કે નહીં તે જોવાનું રહેશે.

### ખાણ ખનિજ અધિકારીની કાર્યવાહી કરવા ધરપત

આ સમગ્ર મામલે ખાણ ખનિજ વિભાગના અધિકારી પ્રવિણ ખાભલાનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે આક્ષેપો કેટલા સાચા હશે તે નથી ખબર પરંતુ તેમની કચેરી તરફથી ફરિયાદ મળતા તરત જ સ્થળ તપાસ કરી કારવાઇ કરવામાં આવે છે. તેમણે કહ્યું હતુ કે શહેર અને જિલ્લામાં ગેરકાયદે રેતીખનન કોઇપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં

# વિદેશી દારૂની હેરાફેરી કરતાં વલસાડના એન્ડરગોટા ગામના બે પકડાયા

**બંને** પાસેથી પોલીસે 12 લાખનો 2052 બોટલ વિદેશી દારૂ કબજે કર્યો



સુરત : પ્રિવેન્ટિવ ક્રાઇમ બ્રાન્ચે પંડિત દિનદયાળ ઉપાધ્યાય કેબલ સ્ટેઇડ બ્રિજ નજીક સ્ટાર બજાર ઉતરતા રોડ પરથી કારમાં વિદેશી દારૂની હેરાફેરી કરતા બે આરોપીઓને ઝડપી લીધા હતા. પોલીસે 12.08 લાખથી વધુના મુદ્દામાલ સાથે આરોપીઓને કાબૂમાં લઈને વધુ તપાસ હાથ ધરી છે.

પીસીબીના પીઆઇ રાજેશ સુવેરાએ જણાવ્યું હતું કે, અડાજણ વિસ્તારના પંડિત દિનદયાળ ઉપાધ્યાય કેબલ સ્ટેઇડ બ્રિજ નજીક સ્ટાર બજાર તરફ ઉતરતા માર્ગ પર એક શંકાસ્પદ કારમાંથી દારૂની હેરાફેરી થતી હોવાની માહિતી મળી હતી. જેના આધારે તેની તપાસ કરતાં વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની કુલ 47 પેટીઓ મળી આવી હતી. આ પેટીઓમાં કુલ 2052 બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો, જેની અંદાજીત કિંમત રૂપિયા 6,93,264 થાય છે.

કારમાં સવાર બે આરોપીઓની ઓળખ સાવન વિપુલભાઈ પટેલ (ઉ.વ. 32, રહે. એન્ડરગોટા, તા. જિ. વલસાડ) તથા જીગરભાઈ બીરબલભાઈ પટેલ (ઉ.વ. 25, રહે. વેલપરવા ગામ, તા. પારડી, જિ. વલસાડ) તરીકે થઈ હતી. પોલીસે બંનેને સ્થળ પરથી જ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ ઉપરાંત દારૂની હેરાફેરી માટે ઉપયોગમાં લેવાયેલી સફેદ રંગની મહિન્દ્રા કંપનીની XUV-500 W10 કાર (નંબર GJ-15-CD-6059) જેની કિંમત અંદાજે રૂપિયા 5 લાખ ગણવામાં આવી છે, તે પણ કબજે લેવામાં આવી હતી. આરોપીઓ પાસેથી ત્રણ મોબાઇલ ફોન પણ મળ્યા હતા, જેની કિંમત રૂપિયા 15 હજાર ગણાઈ છે.આ રીતે કુલ મળીને રૂપિયા 12,08,264નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે. સમગ્ર મામલે પ્રભાત ઉર્ફે રાજા ટંડેલ (રહે. મોટી દમણ) તથા રાજુ માલીયોને વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ શરૂ કરવામાં આવી છે. આ કાર્યવાહી પોલીસ કોન્સ્ટેબલ મીતેષભાઈ મનસુખભાઈને મળેલી બાતમીના આધારે કરવામાં આવી હતી.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### મનપાની ચૂંટણી...

હવે અંતિમ ચરણ તરફ આગળ વધી રહ્યું છે. મજુરા ગેટથી ડ્રીમ સિટી વચ્ચેનો મેટ્રોનો એલિવેટેડ રૂટ તૈયાર છે અને ટ્રેક બિછાવવાનું કામ પણ પુર્ણતાના આરે છે અને એવા આયોજનો કરવામાં આવી રહ્યા છે કે સુરત મનપાની ચૂંટણી પહેલા એટલે કે એપ્રિલના અંતમાં કે મે માસના પ્રથમ વીકમાં અલથાણથી ડ્રીમ સિટીનો મેટ્રોનો ટ્રાયલ રન પણ લેવામાં આવશે. આ ટ્રાયલ રન માટે મેટ્રો ટ્રેનનો એન્જિન સાથેનો ત્રણ કોચનો પહેલો સેટ એટલે કે ટ્રેઈન સુરત આવી પહોંચી છે. આજે આ તમામ કોચને ખજોદની ડ્રીમ સિટીના મેટ્રોના ડેપો ખાતે મુકવામાં આવ્યા હતા.

અગાઉ સને 2021માં સુરત મેટ્રો રેલ પ્રોજેકટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. તે સમયે વર્ષ 2025 સુધીમાં સુરતમાં મેટ્રો દોડતી થશે તેવો વાયદો કરવામાં આવ્યો હતો પરંતુ મેટ્રો રેલ કોર્પોરેશન પ્રોજેક્ટને સમયસર આગળ વધારી શક્યું નહોતું. જોકે, હવે છેક કાદરશાની નાળથી શરૂ કરીને મજુરાગેટ અને ત્યાંથી ડ્રીમસિટી સુધીનો મેટ્રોનો એલિવેટેડ રૂટ તૈયાર થઈ ગયો છે. હાલમાં કાદરશાની નાળ અને મજૂરાગેટના સ્ટેશનના કામો અધુરા છે. જ્યારે અલથાણ અને ડ્રીમ સિટીના સ્ટેશન મોટાભાગે તૈયાર થઈ ગયા છે. જેને પગલે હવે એપ્રિલ માસના અંતમાં કે મે માસના પ્રથમ સપ્તાહમાં અલથાણથી ડ્રીમ સિટીનો મેટ્રોનો ટ્રાયલ રન કરવા માટેની તૈયારીઓ કરવામાં આવી રહી છે. જેને માટે આ એન્જિન સાથેના ત્રણ કોચ સુરત આવી પહોંચ્યા છે. જેને ડ્રીમ સિટીના મેટ્રોના ડેપોમાં આજે સાંજે મુકવામાં આવ્યા હતા.

### મેટ્રોનો ટ્રાયલ રન નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે થશે

સુરતમાં મેટ્રોનો ટ્રાયલ રન નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે કરવામાં આવે તેવી સંભાવના છે. ભાજપ દ્વારા મેટ્રોનો ટ્રાયલ રન કરીને મનપાની ચૂંટણી પહેલા રાજકીય લાભ લેવાનો પ્રયાસ કરવામાં આવશે તેવું મનાઈ રહ્યું છે.

### મેટ્રો કોચને...

એન્જિનિયરોની ટીમ દ્વારા ટેકનિકલ તપાસ બાદ પહેલી મેટ્રો ટ્રેનનું એસેમ્બલિંગ કરવામાં આવશે.

### હુગલીથી...

આવી છે. ત્યાંથી હેવી ટ્રેલર મારફતે સડકમાર્ગે આજે સુરત આવેલા ત્રણેય કોચને સાવધાનીપૂર્વક એક પછી એક ઉતારીને જોડવામાં આવ્યા છે. જો કે મેટ્રોના તંત્ર દ્વારા તેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. આ ટ્રેન સેટને ઉંચા બેરિકેડ વચ્ચે કવર ઢાંકીને રખાયા છે.

### ડ્રાઇવર વગર...

સીસીટીવી કેમેરા, ફાયર ડિટેક્શન સિસ્ટમ અને રિયલ-ટાઇમ મોનિટરિંગ ટેકનોલોજીથી સજ્જ હશે.

### દ.ગુ.માં...

રસ્તાઓ પણ બનાવવામાં આવશે. સરકાર દ્વારા આ માટે રૂપિયા 1185 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

### મુખ્યમંત્રીની નાણાં...

મોટો લાભ થશે. ખાસ કરીને દરિયાઇ પટ્ટા અને પ્રવાસન વિસ્તારોમાં વિકાસને નવી દિશા મળશે. આ યોજના વેપાર, પરિવહન અને રોજગાર ક્ષેત્રે પણ નવી તકો ઊભી કરશે. માર્ગ સુવિધાઓ સુધરતા અંતરિયાળ વિસ્તારો મુખ્ય પ્રવાહ સાથે વધુ સારી રીતે જોડાશે, જેનાથી દક્ષિણ ગુજરાતના સર્વાંગી વિકાસને વેગ મળશે. આ રીતે SER યોજના દક્ષિણ ગુજરાતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પ્રવાસન અને આર્થિક વિકાસ માટે એક માઈલસ્ટોન સાબિત થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### ભરૂચથી સુરતના...

18 કિલોમીટર લાંબા આ હાંસોટથી ઓલપાડના દાંડી સુધીના આ પ્રસ્તાવિત કોરિડોરનો હેતુ અરબી સમુદ્રના કિનારે આવેલા ઔદ્યોગિક ઝોન અને દરિયાઇ પ્રવેશદ્વારો વચ્ચે કાર્ગોની અવરજવર સરળ બનાવવાનો અને મુસાફરીનો સમય નોંધપાત્ર રીતે ઘટાડવાનો છે.

### ગેસ અછતઃ...

છે. જિલ્લાના કુલ 75 જેટલી ગેસ એજન્સીઓની વિતરણ વ્યવસ્થા હવે સીધી રીતે સરકારના નિયંત્રણ હેઠળ રહેશે. જિલ્લા પૂરવઠા વિભાગે ગેસ વિતરણની સંપૂર્ણ જવાબદારી સંબંધિત તાલુકાના નાયબ મામલતદાર અને તલાટીઓને સોંપી છે. હવે ગેસ સિલિન્ડરના વિતરણમાં કોઈ પણ ગેરરીતિ ન થાય તે માટે આ અધિકારીઓ સીધી દેખરેખ રાખશે. સુરત શહેર વિસ્તારમાં અંદાજે 55 ગેસ એજન્સીઓ કાર્યરત છે, જ્યારે ગ્રામ્ય જિલ્લામાં 20 જેટલી એજન્સીઓ છે. આ તમામ એજન્સીઓની કામગીરી હવે તંત્રના નિરીક્ષણ હેઠળ રહેશે. મિડલ ઈસ્ટ યુદ્ધને કારણે ગેસ સપ્લાયમાં વિક્ષેપ સર્જાતા ગ્રાહકોમાં ચિંતા ફેલાઈ હતી. અનેક વિસ્તારોમાં સિલિન્ડર માટે રાહ જોવાની સ્થિતિ ઊભી થઈ હતી. તંત્રના આ પગલાંથી ગેરવિતરણ, સંગ્રહખોરી અને કાળાબાજરી પર નિયંત્રણ આવશે તેવી આશા વ્યક્ત થઈ રહી છે. જિલ્લા પૂરવઠા વિભાગે સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ ગેસ એજન્સી દ્વારા ગેરરીતિ અથવા કાળાબજારી કરવામાં આવશે તો તેમના વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે.

### સચીનમાં ગેરકાયદેસર...

પોલીસે આ મામલે ત્રણ અલગ-અલગ ગુનાઓ દાખલ કર્યા છે. જેમાં BNS-2023 ની કલમ 287 તેમજ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમની કલમ 3, 4 અને 7 હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.ઝડપાયેલા આરોપીઓમાં શ્રવણલાલ બશ્તીમલ કલાલ (ઉ.વ. 32, રહે. જમશેદનગર, સચીન), નીતુબેન શૈલેન્દ્રભાઈ દુબે (ઉ.વ. 27, રહે. સુડા સેક્ટર-2, સચીન) તથા ઇશ્વર શંકરલાલ કલાલ (ઉ.વ. 36, રહે. જમશેદનગર સોસાયટી, સચીન)નો સમાવેશ થાય છે. ત્રણેય આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### ચાર શ્રમિકોનો...

કલોઝર આપ્યુ છે. તે ઉપરાંત ડિપાટર્મેન્ટ ઓફ ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ તરફથી પણ કલોઝર આપી પ્રોસિક્યુશનની કામગીરી શરૂ કરી ખટલો માંડવા કામગીરી શરૂ કરી દીધી છે. પરંતુ પાંડેસરા પોલીસ પાસે હજી પણ મિલ માલિકો સામે તપાસ કરવાની ફુરસદ નથી. આ પ્રકરણમાં ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડની પ્રાદેશિક કચેરીએ વીજકંપનીને કાગળ લખી દઇ તાત્કાલિક અસરથી વીજ કનેકશન કટ કરવા જાણ કરી દીધી છે.

### GI ટેગઃ...

ડિરેક્ટર જનરલ EDII દ્વારા 'સુરત કટ ડાયમંડ'નું GI TAGનું પ્રમાણપત્ર સુરત ડાયમંડ એસોસિએશનના પ્રમુખ જગદીશભાઈ ખુંટને એનાયત કરવામાં આવ્યું હતું. તેમની સાથે સુરત ડાયમંડ એસોસિએશનના પૂર્વ ઉપપ્રમુખ ગૌરવ સેઠી, પૂર્વમંત્રી દામજીભાઈ માવાણી અને કારોબારી સભ્ય ભૂપતભાઈ કનાળા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

GI એટલે Geographical Indication, જેનો ગુજરાતીમાં અર્થ ભૌગોલિક સંકેત થાય છે. GI ટેગ કોઈ નિશ્ચિત ભૌગોલિક વિસ્તાર શહેર કે ગામમાં ઉત્પાદિત થતી અથવા બનતી કોઈ ખાસ વસ્તુને આપવામાં આવે છે. એવી વસ્તુ કે જે કોઈ નિશ્ચિત ગામ કે એરિયામાં જ બનતી હોય અથવા ઉત્પાદિત થતી હોય, બીજે ક્યાંય બનતી ન હોય; તેમજ તે વસ્તુ કોઈ વિશેષ ગુણવત્તા ધરાવતી હોય અને જે-તે વિસ્તાર તે વસ્તુ માટે પ્રખ્યાત હોય. ઉદાહરણ તરીકે પાટણના પટોળા, જામનગરની બાંધણી, કોલકાતાનું મિષ્ટી દહીં, દાર્જિલિંગની ચા વગેરે, એમ આપણા પોલિશ્ડ ડાયમંડ સુરત અને તેના આસપાસ વિસ્તારમાં અને ગુજરાતના અન્ય જિલ્લામાં તૈયાર થાય છે.

### નામાનાં મૂળતત્વોનું...

ટકાવારી વધારવામાં મદદરૂપ થશે. નવચેતન વિદ્યાલય (શિવરામપુર), જુનાગામ, સુરતના શિક્ષક જેની જે શાહના જણાવ્યા મુજબ, આ વર્ષે વિદ્યાર્થીઓને મળેલી તૈયારીની તક અને સરળ પ્રશ્નપત્રને ધ્યાનમાં લેતા બોર્ડનું પરિણામ પણ અભૂતપૂર્વ રહેવાની પૂરી શક્યતા છે.

### સુરતમાં કમોસમી...

સરખામણીએ તાપમાનમાં ખાસ વધારો ન થતા અને પવનની હાજરીને કારણે શહેરના લોકો ગરમીથી થોડી રાહત અનુભવતા જોવા મળ્યા હતા. હવામાનમાં આવી નરમાઈ આવતા લોકોમાં થોડી રાહતનો માહોલ જોવા મળ્યો છે, જો કે આગામી દિવસોમાં માવઠાની આગાહી કારણે સ્થિતિમાં ફેરફાર થવાની શક્યતા છે.

### પાકના ઢગલાની...

ટાળવું હિતાવહ ગણાવવામાં આવ્યું છે. વધુ માર્ગદર્શન માટે ખેડૂતોએ સ્થાનિક કૃષિ અધિકારીઓ અથવા કિસાન કોલ સેન્ટર (ટોલ ફ્રી નંબરઃ 1800 180 1551)નો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા સૂચના આપવામાં આવી છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### હોર્મુઝની ખાડીમાંથી...

ખાલી કરવાની પ્રક્રિયા (શિપ ટુ શિપ ટ્રાન્સફર) ચાલી રહી છે.

સત્તાવાર માહિતી મુજબ, પર્સિયન ગલ્ફ ક્ષેત્રમાં તમામ ભારતીય નાવિકો સુરક્ષિત છે. અત્યાર સુધીમાં કુલ 4 ભારતીય જહાજો યુદ્ધગ્રસ્ત ક્ષેત્રમાંથી સફળતાપૂર્વક બહાર નીકળ્યા છે, જ્યારે હજુ પણ 24 જહાજો અને 611 નાવિકો પશ્ચિમ અખાતના સંઘર્ષ ક્ષેત્રમાં ફસાયેલા છે, જેમની સુરક્ષા પર સતત નજર રાખવામાં આવી રહી છે.

ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલના હુમલા અને ઈરાનના વળતા પ્રહાર બાદ હોર્મુઝની ખાડીનો માર્ગ અત્યંત જોખમી બન્યો છે. ભારત તેની જરૂરિયાતનું 60 ટકા એલપીજી અને 88 ટકા ક્રૂડ ઓઈલ આયાત કરે છે, જેનો મોટો હિસ્સો આ માર્ગે આવે છે. આ સંકટ વચ્ચે, અન્ય એક ઓઈલ ટેન્કર 'જગ લાડકી' પણ 80,800 ટન ક્રૂડ ઓઈલ સાથે મંગળવારે ભારત પહોંચવાનું છે.

કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે આ બહાદુર નાવિકો સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા વાતચીત કરી તેમની સેવાની પ્રશંસા કરી હતી. ભારત સરકારે ઓઈલ અને ગેસના પુરવઠાને જાળવી રાખવા માટે રશિયા અને અમેરિકા જેવા વૈકલ્પિક સ્ત્રોતોનો ઉપયોગ શરૂ કર્યો છે.

### અમેરિકામાં વાવાઝોડા...

ટુર્નામેન્ટ જોવા જઈ રહેલા ચાહકોની પણ ભારે ભીડ છે.

ફ્લાઈટ-ટ્રેકિંગ સાઈટ 'FlightAware' મુજબ, મંગળવાર વહેલી સવાર સુધીમાં અમેરિકાની અંદર અથવા બહાર જતી ૭૫૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે અને લગભગ ૧,૩૦૦ ફ્લાઈટ્સ વિલંબિત થઈ છે. સોમવારે ન્યૂયોર્ક, શિકાગો અને એટલાન્ટા જેવા દેશના સૌથી મોટા એરપોર્ટ્સ પર ફ્લાઈટમાં વિલંબ અને રદ થવાના કિસ્સાઓ વધ્યા હતા. નેશનલ વેધર સર્વિસે જણાવ્યું હતું કે, મધ્ય-પશ્ચિમમાં ભારે હિમવર્ષા કરનાર વાવાઝોડું પૂર્વ કિનારા તરફ આગળ વધ્યું હતું, જ્યાં ન્યૂયોર્કના ભાગોમાં પવનની ગતિ ૫૦ માઈલ પ્રતિ કલાક (૮૦ કિમી) સુધી પહોંચી હતી. સોમવારે દેશવ્યાપી રદ થયેલી ફ્લાઈટ્સમાં શિકાગો ઓ'હેર ઈન્ટરનેશનલની લગભગ ૬૦૦, એટલાન્ટાના હાર્ટ્સફિલ્ડ-જેક્સન ઈન્ટરનેશનલની ૪૭૦ થી વધુ અને ન્યૂયોર્ક સિટીના લાગાર્ડિયા એરપોર્ટની ૪૫૦ થી વધુ ફ્લાઈટ્સનો સમાવેશ થાય છે. આ વાવાઝોડું એવા સમયે આવ્યું છે જ્યારે એરપોર્ટ સુરક્ષા તપાસકર્તાઓએ વીકએન્ડનો તેમનો પહેલો પૂરો પગાર ગુમાવ્યો છે. હાલનું આંશિક શટડાઉન માત્ર હોમલેન્ડ સિક્યુરિટી વિભાગને અસર કરે છે. કોંગ્રેસના ડેમોક્રેટ્સનું કહેવું છે કે, આ વર્ષની શરૂઆતમાં મિનીપોલિસમાં થયેલા જીવલેણ શૂટિંગ બાદ સંઘીય ઈમિગ્રેશન કામગીરી પર નવા નિયંત્રણો ન મુકાય ત્યાં સુધી વિભાગને ભંડોળ મળશે નહીં.

### ટ્રમ્પનો ચીન પ્રવાસ...

નથી. યુદ્ધની સ્થિતિને જોતા ટ્રમ્પે કહ્યું, અત્યારે મારું અહીં હોવું જરૂરી છે, તેથી અમે પ્રવાસમાં થોડો વિલંબ કરી રહ્યા છીએ.'

ટ્રમ્પનો આ પ્રવાસ બે મહાસત્તાઓ વચ્ચેના વેપાર યુદ્ધ વિરામને મજબૂત કરવાની તક છે. ટ્રમ્પે ખાસ નોંધ્યું કે ચીન તેની જરૂરિયાતનું 90% તેલ આ ખાડીમાંથી મેળવે છે, જ્યારે અમેરિકા ખૂબ ઓછું. આ ઉપરાંત, યુદ્ધ અને તેલના વધતા ભાવને કારણે ટ્રમ્પે રશિયા પરના પ્રતિબંધો હટાવ્યા છે અને અમેરિકાના તેલ અનામતનો ઉપયોગ શરૂ કર્યો છે.

### લોકસભામાં આઠ...

બનેલી ઘટનાઓ બદલ ખેદ વ્યક્ત કરી સસ્પેન્શન પાછું ખેંચવાની વિનંતી કરી હતી, જેને સમાજવાદી પાર્ટીના ધર્મેન્દ્ર યાદવ અને એનસીપીના સુપ્રિયા સુલેએ પણ ટેકો આપ્યો હતો. સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું હતું કે, ગૃહના સુચારુ સંચાલન માટે 'લક્ષ્મણ રેખા' દોરવી જરૂરી છે, જેના પર શાસક પક્ષ અને વિપક્ષ બંને સંમત થયા હતા. ત્યારબાદ રિજિજુએ સાત કોંગ્રેસ સાંસદો અને એક સીપીઆઈ (એમ) સભ્યનું સસ્પેન્શન દૂર કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જે ધ્વનિ મતથી પસાર થયો હતો.

સસ્પેન્શન મુક્ત થયેલા સાંસદોમાં ગુરજીત સિંહ ઔજલા, હિબી ઈડન, સી. કિરણ કુમાર રેડ્ડી, અમરિંદર સિંહ રાજા વારિંગ, માણિકમ ટાગોર, પ્રશાંત પાડોલે, ડીન કુરીયાકોસ (કોંગ્રેસ) અને એસ. વેંકટેસન (સીપીઆઈ-એમ) નો સમાવેશ થાય છે. આ સભ્યોને 3 ફેબ્રુઆરીના રોજ બજેટ સત્રના અંત સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

ચર્ચા દરમિયાન સત્તાધારી પક્ષ અને વિપક્ષ વચ્ચે હળવી બોલાચાલી પણ થઈ હતી. સુપ્રિયા સુલેએ ટકોર કરી હતી કે કોઈએ અંગત ટિપ્પણી ન કરવી જોઈએ અને બંને પક્ષોએ એકબીજાનું સન્માન જાળવવું જોઈએ. વિપક્ષે ખાતરી આપી હતી કે તેઓ ગૃહની ગરિમા જાળવવા અને કામગીરીમાં સહકાર આપવા માટે તૈયાર છે.

સસ્પેન્શન રદ થયા બાદ કોંગ્રેસ સાંસદોએ ગાંધી પ્રતિમા પાસે શ્રદ્ધાંજલિ અર્પી હતી. કોંગ્રેસના માણિકમ ટાગોરે કહ્યું કે વિપક્ષી નેતા રાહુલ ગાંધી અને અન્ય પક્ષોના નેતાઓને રાષ્ટ્રપતિના આભાર પ્રસ્તાવ પર બોલતા અટકાવવામાં આવ્યા હોવાથી તેમણે વિરોધ પ્રદર્શન કર્યું હતું. જ્યારે પ્રિયંકા ગાંધી વાડ્રાએ પ્રતિક્રિયા આપી કે ગૃહની ગરિમા બંને પક્ષોએ જાળવવી જોઈએ.

### દેશમાં 1-1 કરોડ...

યુવાનોની સરખામણીએ 2024ના અંત સુધીમાં આ આંકડો 34 ટકા રહ્યો છે. શિક્ષણ અધવચ્ચે છોડવા પાછળનું મુખ્ય કારણ ઘરની આવકમાં મદદ કરવાની જરૂરિયાત છે. 2017માં 58 ટકા યુવાનોએ આ કારણ આપ્યું હતું, જે 2023 સુધીમાં વધીને 72 ટકા થઈ ગયું છે.

આર્થિક પાસાંની વાત કરીએ તો, ગ્રેજ્યુએટ્સનો પગાર બિન-સ્નાતકો કરતા બમણો હોય છે, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં પુરુષ ગ્રેજ્યુએટ્સના શરૂઆતના પગારમાં વૃદ્ધિ ધીમી પડી છે. જોકે, એક હકારાત્મક પાસું એ છે કે ગ્રેજ્યુએટ યુવતીઓ અને યુવકો વચ્ચેના વેતનનો તફાવત ઘટ્યો છે, જે શ્રમ બજારમાં મહિલાઓ માટે સુધરતી સ્થિતિ સૂચવે છે.

### દિલ્હી ડાયરી...

અને ત્યાર બાદ તેઓ લોકસભામાં તેમની બીજી ટર્મ જીત્યા ત્યારથી પ્રસાદ તેમના પુનર્વસનની રાહ જોઈ રહ્યા હતા. સંસદીય વિશેષાધિકારોનો હેતુ સંસદની સ્વતંત્રતા, સત્તા અને ગૌરવનું રક્ષણ કરવાનો છે. દરેક સભ્ય કોઈપણ અવરોધ વિના તેની ફરજ બજાવવા માટે વિશેષાધિકારો ભોગવે છે. સમિતિ દરેક કેસના તથ્યોના સંદર્ભમાં નક્કી કરે છે કે શું તેમાં વિશેષાધિકારનો ભંગ સામેલ છે અને તેના અહેવાલમાં યોગ્ય ભલામણો કરે છે. જોકે, તે અલગ બાબત છે કે ૧૮મી લોકસભામાં હજી પણ નૈતિકતા સમિતિ નથી.

**શર્ટલેસ વિરોધ કરનારાઓનું કોંગ્રેસે સન્માન કર્યું!**

ઇન્ડિયન યુથ કોંગ્રેસે તેના સભ્યો માટે એક 'સ્વાગત કાર્યક્રમ' આયોજિત કર્યો હતો જેઓની 'ઇન્ડિયન એઆઇ સમિટ'માં 'શર્ટલેસ વિરોધ'ના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી. તેઓ બાદમાં કોર્ટમાંથી જામીન મેળવવામાં સફળ રહ્યા હતા. ઇન્ડિયન યુથ કોંગ્રેસના પ્રમુખ ઉદય ભાનુ ચિબ્બ સહિતનાઓને જામીન આપતી વખતે કોર્ટે કહ્યું હતું કે જાહેર કાર્યક્રમ દરમિયાન તેમનો વિરોધ એ પ્રતીકાત્મક રાજકીય ટીકા સમાન છે અને ટ્રાયલ પહેલાની અટકાયત 'પૂર્વ-નિર્ધારિત સજા' સમાન હોઈ શકે છે. તેમનું સ્વાગત સંસદ ભવન નજીક આવેલી ઇન્ડિયન યુથ કોંગ્રેસની મુખ્ય કચેરી ખાતે કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિપક્ષના નેતા રાહુલ ગાંધી સહિતના પક્ષના હાઈકમાન્ડે ધરપકડ કરાયેલા યુવા કાર્યકરોને ટેકો આપ્યો હતો, જેમાં ગાંધીએ ૨૦ ફેબ્રુઆરીએ તેમની ધરપકડ બાદ તેમને 'બબ્બર શેર' કહ્યા હતા. જોકે, વહેતી થયેલી ચર્ચાઓ મુજબ, યુથ કોંગ્રેસે પક્ષના નેતૃત્વની સંમતિ લીધા વિના શર્ટલેસ વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યું હતું અને તે તેમના માટે આશ્ચર્યજનક હતું. જો આ અહેવાલોનું માનીએ તો ટોચના નેતૃત્વએ નારાજગી વ્યક્ત કરી હતી અને ઇન્ડિયન યુથ કોંગ્રેસના વડાને બોલાવીને ઠપકો પણ આપ્યો હતો. પરંતુ એકવાર જ્યારે આ ઘટના બની ગઈ અને આઈવાયસી વડા અને અન્ય વિરોધ પ્રદર્શન કરનારા કાર્યકરોની ધરપકડ સાથે પરિસ્થિતિએ ગંભીર વળાંક લીધો ત્યારે હાઈકમાન્ડ પાસે કદાચ તેને સ્વીકારવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચ્યો ન હતો.

**કિસાન ટ્રસ્ટે એસિડ એટેક પીડિતોનું સન્માન કર્યું**

પૂર્વ વડા પ્રધાન ચૌધરી ચરણ સિંહ દ્વારા ૧૯૭૯માં સ્થાપિત બિન-લાભકારી સંસ્થા 'કિસાન ટ્રસ્ટ' દ્વારા મહિલા દિવસ પર એક વિશેષ સત્ર - 'અપરાજિતા સન્માન સમારોહ' યોજવામાં આવ્યો હતો. એસિડ એટેક પીડિતોને સન્માનિત કરવા અને ટેકો આપવા માટે તેનું આયોજન કરવામાં આવ્યું હતું. ચૌધરી ચરણ સિંહના પુત્ર અને રાષ્ટ્રીય લોકદળના નેતા અજીત સિંહે વર્ષો પહેલા ટ્રસ્ટ હેઠળ રાજકારણ અને સામાજિક પ્રવૃત્તિઓમાં મહિલાઓને પ્રોત્સાહન આપવા માટે એક કાર્યક્રમ શરૂ કર્યો હતો.

હવે, તેમની પુત્રવધૂ અને કેન્દ્રીય મંત્રી જયંત ચૌધરીના પત્ની ચારુ સિંહના અધ્યક્ષપદ હેઠળ ટ્રસ્ટે રાષ્ટ્રીય રાજધાનીમાં મંત્રીના નિવાસસ્થાને આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.


**પાલવાડા ઓ.સ.બ્રાહ્મણ સમાજ**

**શ્રધ્ધાંજલિ-પ્રાર્થનાસભા**



સ્વ.જ્યોત્સનાબેન (ધનુબેન) જીતેન્દ્રભાઈ વ્યાસ સ્વ.તા.૧૫-૦૩-૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી/બહેનશ્રી

**જ્યોત્સનાબેન (ધનુબેન) જીતેન્દ્રભાઈ વ્યાસ** (મુળ બારડોલી)નું **રવિવાર તા.૧૫-૦૩-૨૦૨૬**ના રોજ ન્યૂજર્સી, USA મુકામે **દુઃખદ નિધન** થયુ છે. પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના.

સદ્‌ગતની સંયુક્ત પ્રાર્થનાસભા ચૈત્ર સુદ, ચોથ ને રવિવાર તા.૨૨-૦૩-૨૦૨૬ના રોજ સાંજે ૪ થી ૬ દરમ્યાન રૂક્ષમણીબાઈ ધર્મશાળા ભવન, બ્રાહ્મણ સમાજ વાડી, બારડોલી મુકામે રાખી છે. (તા.ક.લૌકિક રિવાજ બંધ છે.)

પિયર પક્ષ
દિલીપભાઈ યુ.વ્યાસ (ભાઈ)
સનતભાઈ યુ.વ્યાસ (ભાઈ)
જયપ્રકાશભાઈ યુ.વ્યાસ (ભાઈ)
ગૌતમભાઈ યુ.વ્યાસ (ભાઈ)
(બારડોલી)

લિ.
હર્નીશ જી.વ્યાસ (પુત્ર)
ભરત જી.વ્યાસ (પુત્ર)
સૌ.દર્શના પી.દેસાઈ (પુત્રી)
પ્રશાંત એન.દેસાઈ (જમાઈ)
(મુળ - માંડવી/બારડોલી - હાલ - યુએસએ)